# મંગળયાત્રા

## [૧]

**જીવન** પોતે જ યાત્રામય છે. માણસ કે બીજું પ્રાણી જીવે છે તે સાથે એની જીવનયાત્રા સંકળાયેલી જ છે. એ એક અથવા બીજી રીતે પ્રગતિ, અને અપ્રગતિના ચક્રમાં ફેરા ફર્યા જ કરે છે. એવા ફેરાઓને આપણે જાણતા પણ હોઈએ છીએ. ઘણીવાર જાણવા છતાં જાણે અજાણ્યા હોઈએ તે રીતે પણ વર્તીએ છીએ. એવા અજ્ઞાનથી ઉગરવા અને કાંઈક જાણતા હોઈએ તો તેથી વધારે ઊંડું, વધારે સ્પષ્ટ અને વધારે સ્થાયી જાણવાની દૃષ્ટિએ ધર્મજીવી પુરુષોએ મંગળયાત્રા વિષેનો પોતાનો અનુભવ આપણી સમક્ષ રજૂ કર્યો છે. તે યાત્રા કઈ અને કેવી એ જાણીએ તો પજુસણના દિવસો કાંઈક સાર્થક બને.

મંગળયાત્રાનું પહેલું લક્ષણ એ છે કે જે પરિમિતમાંથી અપરિમિત ભણી લઈ જાય, જે લઘુતામાંથી મહત્તા સર્જે, જે અલ્પને ભૂમા (મોટા) બનાવે. બીજું લક્ષણ એ છે કે તે યોગ્ય રીતે જ ઉપર ઉપરના પગથિયે ચડાવે, જેથી એના યાત્રિકને પડવા વારો કે પીછેહઠ કરવા વારો ન આવે. ત્રીજું અને મહત્ત્વનું ખાસ લક્ષણ એ છે કે એ તેના યાત્રિકમાં કદી પણ વિષાદ, કંટાળો કે થાક આવવા ન દે.

મનુષ્યમાં કાંઈ પણ સૌની નજરે તરે તેવું જીવિત તત્ત્વ હોય તો તે તેની જિજ્ઞાસાવૃત્તિ છે. જાણવું, કાંઈક જાણવું, નવું નવું જાણવું, ગમે તે રીતે પણ જાણવું ને જાણવું જ, એ માણસની અદમ્ય વૃત્તિ છે. એ વૃત્તિ તેની મંગળયાત્રાનો મૂળ પાયો છે. જિજ્ઞાસાને જોરે જ માણસ જુદી જુદી ઈંદ્રિયોથી જ્ઞાન મેળવે છે. જ્યાં ઈંદ્રિયોની ગતિ ન હોય એવા વિષયોને કે એવી બાબતોને તે વિશ્વાસપાત્ર મનાતાં શાસ્ત્રોમાંથી સાંભળી જ્ઞાન મેળવે છે. આ ભૂમિકા મંગળયાત્રાની પહેલી મજલ છે. આ મજલ બહુ જ લાંબી છે. તેમાં માણસ નજીકનો, દૂરના, કામના, કામવિનાના, સ્થૂળ, સૂક્ષ્મ એવા અનેક વિષયોનું જ્ઞાનભંડોળ સંચિત કરતો જાય છે. એ સંચયથી એનો આત્મા પ્રફુલ્લ થાય છે, ભર્યોભર્યો બને છે. પણ માણસનું મૌલિક જિજ્ઞાસા

Jain Education International For Private & Personal Use Only www.jainelibrary.org

તત્ત્વ એને એ મજલની કોઈક ક્ષણે ધક્કો મારે છે અને કહે છે કે તું નવું જાણ પણ માત્ર નવું જ નહિ પણ તે નવું સત્ય હોવું જોઈએ. તે પ્રેય નહિ પણ શ્રેય હોવું જોઈએ. જિજ્ઞાસાના આ અંતર્મુખ ધક્કાથી માણસ હવે પોતાની દિશા બદલે છે. પહેલાં તે નવું જાણવાની ધૂનમાં યાત્રા કર્યે જતો, હવે એને નવું જાણવાની સાથે સત્ય અને શ્રેય શું છે એ જાણવાની ધૂન પ્રગટે છે. અને અહીંથી જ એની પહેલી મજલ પૂરી થઈ બીજી મજલ શરૂ થાય છે.

બીજી મજલમાં માણસ મુખ્યપણે ઇંદ્રિયોના બાહ્ય વ્યાપારો દ્વારા જ્ઞાન મેળવવાને બદલે આંતરિક ઇંદ્રિય મન દ્વારા પ્રથમ મેળવેલ જ્ઞાનનું અને નવા મેળવાતા જ્ઞાનનું સંશોધન શરૂ કરે છે. પહેલી મજલમાં સંચિત થયેલ જ્ઞાનભંડોળ કે તેના સંસ્કારોનું અંતર્નિરીક્ષણ દ્વારા પૃથક્કરણ કરી તેમાં સાર શું છે; અસાર શું છે તેનો વિવેક કરે છે. મંગળયાત્રાની આ બીજી મજલ છે. પહેલી મજલ એટલી બધી શ્રમસાધ્ય નથી જેટલી બીજી છે. એટલે સ્વાભાવિક રીતે જ બીજી મજલમાં પ્રવેશ કરનાર અને તેમાં આગળ વધનાર ઓછા જ માણસો મળી આવે. પણ જેઓ બીજી મજલમાં દાખલ થયા નથી હોતા તેને પણ વહેલા કે મોડા ઇચ્છાએ કે અનિચ્છાએ એ ભણી ધકેલાવું જ પડે છે. તે વિના કોઈને સંતોષ થતો જ નથી.

બીજી મજલ માણસને ઓછું કે વત્તું સત્ય તારવી આપે છે. એ સત્યનું ભાન જ પછી તેને તેની મંગળયાત્રામાં મુખ્ય પાથેય બને છે. એ પાથેયને બળે હવે તે આગળ ને આગળ કૂચ કરવા ઉજમાળ બને છે. એનામાં વીર્યોલ્લાસનું એક–ખાળી ન શકાય–એવું મોજું પ્રગટે છે, જે તેને મંગળયાત્રાની છેલ્લી મજલમાં પ્રવેશ કરાવે છે. આ છેલ્લી મજલ એટલે જે સત્ય અને શ્રેય જણાયું તેને જીવનમાં વણી નાખવું. એવી રીતે કે જીવન અને સત્ય એ બે હવે જુદાં ન રહે. જીવન છે તો તે સત્ય જ હોવું જોઈએ. નિર્દોષ અને નિષ્કલંક જ હોવું જોઈએ. સત્ય છે તો તે જીવન-બાહ્ય રહી જ ન શકે. એ બેનું દ્વૈત વિરમે ત્યાં જ મંગળયાત્રાની છેલ્લી મજલનું છેલ્લું વિશ્રામસ્થાન.

જીવનસાધનાના વિકાસક્રમને જ મંગળયાત્રા કહેવામાં આવી છે. એની ઉપર સૂચવેલ ત્રણ મજલોને અનુક્રમે શ્રુતમયી, ચિંતામયી અને પ્રજ્ઞામયી ભાવના તરીકે બૌદ્ધ વિદ્વાનોએ ઓળખાવેલ છે, જ્યારે ઉપનિષદના ઋષિઓએ

Jain Education International For Private & Personal Use Only www.jainelibrary.org

શ્રવણ, મનન અને નિદિધ્યાસન–સાક્ષાત્કાર શબ્દથી સૂચવી છે. જૈન ચિંતકોએ પણ ઇચ્છાયોગ, શાસ્ત્રયોગ અને સામર્થ્યયોગ જેવા સંકેતોથી એનું સૂચન કર્યું છે. ખ્રિસ્તી ધર્મ, ઇસ્લામ અને પારસી વગેરે ધર્મોમાં પણ જુદા જુદા નામથી મંગળયાત્રાનું વર્ણન છે જ.

ધર્મના દિવસો માત્ર શ્રવણ માટે કે શ્રુતમયભાવના માટે નથી. એ સ્થિતિ તો રોજ-બ-રોજના જીવનમાં પણ ઓછે વત્તે અંશે ચાલુ રહે જ છે. પણ એ દિવસો આપણને મંગળયાત્રાની, બીજી મજલ ભણી વાળવા માટે નિર્માયા છે. આપણે સાંભળેલું વિચારીએ, સત્યાસત્યનો વિવેક કરીએ એ જ વ્યક્તિગત અને સામૂહિક ધર્મપર્વનો મુખ્ય હેતુ છે. સત્ય થોડા પણ અંશે બરાબર સમજાય તો અસત્ય સામે થવાની હિંમત પ્રગટ્યા વિના રહેતી જ નથી. સત્ય સેવવા માટે ગમે તેવાં જોખમો ખેડવાનો ઉત્સાહ એમાંથી જ પ્રગટે છે. આ રીતે વ્યક્તિગત અને સામૂહિક જીવન શુદ્ધિ ભણી વળે છે.

મંગળયાત્રા પૂર્ણ કરી હોય એવા અનેક નરપુંગવો દુનિયાના જુદા જુદા ભાગમાં થઈ ગયા છે. મંગળયાત્રા અસાધ્ય નથી. એ વસ્તુ પણ આપણી વચ્ચે જ થઈ ગયેલા પુરુષોએ દર્શાવી આપી છે. ગાંધીજીએ પોતાની ઢબે એ જ મંગળયાત્રા સાધી છે, જેમને આપણામાંના ઘણાએ નજરોનજર જોયા છે. શ્રી અરવિંદને નહિ જોનાર પણ તેમનાં લખાણોથી અને સર્જનથી તેમની મંગળયાત્રાની પ્રતીતિ કરી શકે છે. મંગળયાત્રાની સાધ્યતા વિષે સંદેહ હોય તેને દૂર કરવા જ જાણે વિનોબા ભાવેએ પ્રસ્થાન આદર્યું ન હોય એમ એમનું સમગ્ર જીવન, વચન અને વર્તન દર્શાવી આપે છે.

મંગળયાત્રાની પહેલી મજલમાં દેશ, જાતિ, પંથ, વેશ, ક્રિયાકાંડ આદિનો અભિનિવેશ રહે છે, જે માણસને એક કે બીજી રીતે બાંધી રાખે છે. બીજી મજલ શરૂ થતાં જ એ અભિનિવેશ ઢીલો થવા લાગે છે અને બીજી મજલમાં જેમ જેમ આગળ વધાય તેમ તેમ અભિનિવેશ કે મિથ્યા આગ્રહો વધારે ગળતા જાય છે. એટલે જ એ મજલમાં સત્ય અને શ્રેય વધારે સ્પષ્ટ સમજાય છે. માનસિક ગ્રંથિઓ અને દુરાગ્રહો એ જ સત્યદર્શનનાં આવરણો છે. ત્રીજી મજલમાં તો સત્યદર્શનનો આલોક એટલો બધો તીવ્ર અને સ્થિર બને છે કે તેને જીવનના મૌલિક પ્રશ્ન વિષે સંદેહ જ નથી ઊઠતો. એના

Jain Education International For Private & Personal Use Only www.jainelibrary.org

વિચાર અને વર્તન એ ધર્મમેઘ * બની જાય છે. એનું જીવન જોતાં જ, એનાં વચનો સાંભળતાં જ. એની કર્તવ્યદિશા નિહાળતાં જ માણસનું ચિત્ત ભક્તિથી દ્રવવા લાગે છે.

મંગળયાત્રા જીવનમાં શરૂ થઈ તો પછી તેનો યાત્રિક ગમે તે ક્ષેત્રમાં ને ગમે તે વિષયમાં વિચારતો કે કામ કરતો હશે તો તેમાં એને મનની ગૂંચો કંઈ બાધા નાખી નહિ શકે, એટલું જ નહિ પણ તે આખા વિશ્વને આત્મવત જ લેખશે.

—" પ્રબુદ્ધજીવન " તા. ૧૫–૯–૧૯૫૩

---

* 'ધર્મમેઘ' એક પ્રકારની સમાધિ છે. તે અવસ્થા સમાધિમાં બહુ ઊંચી ગણાય છે. જ્યારે ચિત્તમાંથી કલ્યાણની જ વર્ષા થાય, અને શુદ્ધ અને શુભ વિચાર તેમ જ પ્રવૃત્તિનો ઝરો ફૂટે. યોગશાસ્ત્રમાં આ ખાસ શબ્દ છે.

Jain Education International For Private & Personal Use Only www.jainelibrary.org